Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

## Shree Atmanand Prakash



सर्वषां विदितं सम्यक् कीदृशं चित्तचापलम् ।
विहरेत् कुशलेच्छुस्तन्निरपायासु भूमिषु ॥

* ચિત્ત કેવું ચંચળ છે એ બધાને વિદિત છે. માટે કુશલની કામનાવાળાએ વિઘ્ન વગરનાં ( કુશલબાધક ન થાય તેવાં ) સ્થાનોમાં વિહરવાનું લક્ષમાં રાખવું ઘટે.

* All know well how fickle the mind is, so a person desirous of his good, should move in such piaces as are free from evil.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૪ | વૈશાખ-જેઠ | આત્મ સંવત : ૧૦૧ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૩ |
| અંક : ૭-૮ | મે-જુન-૯૭ | વિક્રમ સંવત : ૨૦૫૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી જિનેશ્વર પરમાત્મા સન્મુખ બોલવાની સ્તુતિ | — | ૪૯ |
| (૨) | ઇન્સ્ટિટયુટ ઓફ જૈનોલોજીની ભારતની ઓફિસનો શુભારંભ | | ૫૦ |
| (૩) | પ. પૂ. આગમ પ્રજ્ઞ-તારકગુરુદેવશ્રી જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો | — | ૫૨ |
| (૪) | નવકાર મહામંત્રનો મહિમા | પ્રો. કે. ડી. પરમાર (જંબુસર) | ૫૬ |
| (૫) | અમો જૈનો એવું જરા પણ ઇચ્છતા.... | મુનિશ્રી જમ્બૂવિજયજી મ. સા. | ૫૯ |
| (૬) | શ્રી કૃષ્ણનગર તથા દાદાસાહેબ ખાતે ઉજવાયેલ અંજનશલાકા મહોત્સવ | — | ૬૧ |
| (૭) | જાગતા રે' જો ? | પૂ આચાર્ય ભગવંતશ્રી વિજય મહિમાપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ | ૬૪ |


## આ સભાના નવા પેટ્રન સભ્યશ્રીઓ

**શ્રી જગદીશકુમાર ભૂપતરાય શાહ–ભાવનગર**

**શ્રી વિનોદકુમાર જગજીવનદાસ દોશી–વડોદરા**

## આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ

**શ્રી જયેન્દ્રકુમાર હરિલાલ શાહ - ભાવનગર**

**શ્રી હર્ષદરાય કાંતિલાલ શાહ - ભાવનગર**

**શ્રી હસમુખરાય રતિલાલ વોરા - મુંબઇ**

## શોકાંજલિ

**સ્વ. મધુકાંતાબેન રમણિકલાલ શાહ** [ઉંમર વર્ષ ૮૦] ગત તા ૯-૬-૯૭ સોમવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતાં. તેઓશ્રી ખુબ જ ધાર્મિકવૃત્તિવાળા, સ્વભાવે મીલન સાર અને સરળ વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમના દુઃખદ અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલ આ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે તેમના આત્માને પરમ શાંતિ મળે એવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લિ. શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

# શ્રી જિનેશ્વર પરમાત્મા સન્મુખ બોલવાની

## સ્તુતિ

પ્રભુજી માંગુ તારી પાસ, મારી પુરી કરજો આશ,
માંગી માંગી માંગું છું દાદા એટલું,
મને આવતો ભવ એવો આપજે
દાદા આવતો ભવ એવો આપજે...૧

જન્મ મહાવિદેહમાં હોય, વળી તીર્થંકર કુળ હોય
પારણામાં નવકાર સંભળાય રે... મને આવતો ભવ...૨

વર્ષ આઠનું જ હોય, પ્રભુ સમોસર્યા હોય
ઉમંગે વ્યાખ્યાન જવાય રે... મને આવતો ભવ...૩

સુણતાં વૈરાગ્ય જ થાય, વળી અનુજ્ઞા મળી જાય
કોઈ આવે નહી અંતરાય રે... મને આવતો ભવ...૪

પ્રભુ હાથે દીક્ષા થાય, હજારો સાથે લેવાય
અને ચૌદ પૂરવ ભણાય રે... મને આવતો ભવ...૫

જિન કલ્પી પણું હોય, ઉગ્ર અભિગ્રહ હોય
માસ માસક્ષમણ કરાય રે... મને આવતો ભવ...૬

ક્ષપક શ્રેણીએ ચડાય, ઘાતી કર્મ ખપાય
કેવલજ્ઞાન ઉત્પન્ન થઈ જાય રે... મને આવતો ભવ...૭

માનવ જન્મ મળી જાય, એવી કરણી કરાય
અને મુક્તિપુરીમાં જવાય રે... મને આવતો ભવ...૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઇન્સ્ટિટયુટ ઓફ જૈનોલોજીની ભારતની ઓફિસનો શુભારંભ

## બ્રિટનના હાઇકમિશ્નર ડો. એમ, સિંઘવીનું માર્મિક ઉદ્‌બોધન



ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીની ભારતની ઓફિસના શુભ-આરંભના સમારોહમાં બ્રિટનના ભારતીય હાઇકમિશ્નર ડો. એલ. એમ સિંઘવીને આવકારતા ચેરમેન શ્રી રતિભાઈ ચંદરયા.

જાણીતા ન્યાયવિદ્‌, બ્રિટન ખાતેના ભારતીય હાઈકમિશ્નર ડો એલ. એમ સિંઘવીએ ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીની ભારતની ઓફિસના શુભ–આરંભ પ્રસંગે જણાવ્યું કે છેલ્લા સાત વર્ષમાં આ સંસ્થાએ વિશ્વના નકશા પર જૈન ધર્મને મહત્ત્વનું સ્થાન અપાવ્યું છે. આ સંસ્થાએ અદ્યતન અંગ્રેજી ભાષામાં 'તત્ત્વાર્થસૂત્ર'નો અનુવાદ વિશ્વને ભેટ આપવાનું ભગીરથ કાર્ય કર્યું. જૈન ધર્મની પર્યાવરણની વિભાવના 'જૈન ડેકલેરેશન ઓન નેચર' દ્વારા વિશ્વને દર્શાવીને ભગવાન મહાવીરના વિચારોની સનાતનતાનો પરિચય આપ્યો. જૈનકલાના લંડનમાં યોજાયેલા પ્રદર્શન અને પરિસંવાદે જૈન ધર્મ અંગે વિશ્વવ્યાપી જાગૃતિ આણી છે. ખુદ વેટિકને પણ જૈન ધર્મની અહિંસા અને પર્યાવરણની ભાવના દર્શાવીને મહાવીરજયંતી નિમિત્તે સંદેશો મોકલ્યો છે. જૈન સમાજ એની પરંપરાં અને ઇતિહાસનો ઊંડો અભ્યાસ કરીને એની મહત્તાને યોગ્ય રીતે પિછાણે તે પાયાની જરૂરિયાત છે અને આમ થશે તો આપણી આવતી કાલ ઉજ્જવળ છે

સમારંભના પ્રમુખ શ્રી રતિભાઈ ચંદરયએ જણાવ્યું હતું કે આજે વિશ્વના કેટલાય દેશોમાં જૈનો વસે છે અને તેઓ પોતાની રીતે જૈન ધર્મ પાળે છે, પરંતુ એ સિવાયના સમાજ જૈન ધર્મ વિશે કશું જાણતો નથી. આથી ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજી ભારતમાં યુવાનોને શાસ્ત્રીય અભ્યાસ કરાવીને અને પછી યૂરોપીય ભાષાનું જ્ઞાન આપીને જૈન સ્કોલર તૈયાર કરવાનો પ્રયાસ કરે છે. એ જ રીતે આ સંસ્થા દ્વારા ભગવાન મહાવીરના અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તના સિદ્ધાંતોમાં આલેખાયેલી જીવનશૈલીનો જગતભરમાં પ્રચાર કરવાનો પ્રયત્ન છે. જ્યારે શ્રી કુમારપાળ દેસાઈએ કહ્યું કે ભારતમાં પીએચ. ડી, કરતા વિદ્યાર્થીઓને આ સંસ્થા મદદ કરે છે અને પ્રકૃતિ અને પર્યાવરણ વિષયક અનેક કાર્યો સફળપણે બજાવે છે.

શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના ચેરમેન શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઈએ કહ્યું કે આ સંસ્થા સાચે જ નિસ્વાર્થપણે શક્તિશાળી કાર્યકરો દ્વારા ચાલતી એક ઉત્તમ સંસ્થા છે. શ્રી દીપચંદભાઈ ગાડીએ આમાં સૂર પુરાવતા કહ્યું કે ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીના દેશ–વિદેશમાં યોજાયેલા અનેક કાર્યક્રમોમાં અમે હાજરી આપી છે અને આ સંસ્થાની સિદ્ધિ સાચે જ ગૌરવભરી છે. લંડનમાં યોજાયેલા પ્રદર્શનથી અથવા તો વિશ્વધર્મ પરિષદમાં પાંત્રીસ જેટલા વિદ્વાનો દ્વારા જૈનધર્મનું સબળ પ્રતિનિધિત્વ કરીને આ સંસ્થાએ મૂલ્યવાન ફાળો આપ્યો છે. સમાજમાં વિરલ અને ઉદાહરણરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી ઇન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજી જેવી સંસ્થાનો ભારતમાં પ્રારંભ થઈ રહ્યો છે તે ઘટના એક આનંદદાયક ઘટના ગણાશે.

પૂ. શ્રી આત્માનંદજીએ કહ્યું કે એક સમયે વ્યકિત પોતાના પાંચ સંતાનો હોય તો એકને વેપારમાં, તો બીજાને ધર્મમાં પરોવતો હતો. આજે આવી પરિસ્થિતિના અભાવે ધર્મ આરાધનાનું કાર્ય કરનારી સંનિષ્ઠ વ્યકિતઓનો અભાવ જોવા મળે છે. આ સંસ્થા આ અભાવને પુરવા મટે પ્રયાસ કરે છે. પૂ. શ્રી લાડકચંદ વોરા, (બાપુજી) એ પણ આ સંસ્થાને આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે જાપાન, બ્રિટન, કેનેડા, અમેરિકા, સિંગાપોર અને ભારતની મહત્ત્વની સંસ્થાઓ અને અનેક ધર્મની અગ્રણી વ્યક્તિઓએ શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે પિકોલાબેન શાહે પ્રાર્થના ગાઈ હતી અને પ્રજ્ઞાબેન દેસાઈએ સમગ્ર આયોજન કર્યું હતું. આ પ્રસંગે શ્રી રાજકુમાર જૈન, શ્રી નેમુ ચંદરયા, શ્રી દલસુખભાઈ માલવણિયા, શ્રી રામલાલભાઇ પરીખ, શ્રી ભરતભાઇ ડેલીવાળા તથા દેશ-વિદેશના જૈન અગ્રણીઓ ઉપસ્થિત હતા.

---

# કોઇને કહેશો નહીં

'બચાવો, બચાવો' ની બૂમ નદીના કિનારેથી પસાર થતા એક ગામડિયાના કાને આવી અને એ ચોંકી ગયો... નદીના પાણી સામે નજર નાખી ત્યાં એને ખ્યાલ આવી ગયો કે કો'ક માણસ નદીના પ્રવાહમાં ખેંચાઇ રહ્યો છે અને એ જ પોતાને બચાવવાની બૂમો પાડી રહ્યો છે. પરગજુ ગામડિયાએ લેશ પણ વિલંબ કર્યા વિના નદીમાં લગાવ્યો કૂદકો. નદીમાં તરીને છેક એની આગળ એ પહોંચી ગયો... અને તમામ તાકાતથી બચાવીને એને એ નદીના કિનારે લઇ આવ્યો...

બચી ગયેલા માણસે ખુશ થઇને ગામડિયાને કહ્યું : 'તારે જોઈએ તે માંગી લે.'

'પણ તમે છો કોણ?' 'તે મને ન ઓળખ્યો?'

'ના' 'હુ છું. આ ગામનો સરપંચ.'

'હે?' 'હા'

'તો એટલું જ માંગુ છું કે નદીમાં ડૂબી રહેલા આપને મેં બચાવ્યા છે એ વાત આપ કોઈનેય કહેશો નહી.' ગામડિયાની આ માંગણી સાંભળીને સરપંચની હાલત તો સાવ કફોડી થઈ ગઇ....

મર્યાદાઓ તોડીને હાથમાં આવેલ શક્તિ અને સત્તાના જોરે જેણે બીજાઓને દબાવવાના, પછાડવાના અને ખતમ કરવાના જ કામો કર્યા હોય એને માટે લોકમાનસમાંથી આવો જ અભિપ્રાય ઊઠે એમાં કોઇ આશ્ચર્ય નથી સાવધાન! જીવનરૂપી તળાવ, સત્ત્વરૂપી જળ, મર્યાદારૂપી દીવાલ! બેડો પાર!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ. પૂ. આગમ પ્રજ્ઞ–તારકગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો – ૧ લો ]

અષાઢ સુદ – ૧૪

સમગ્ર જગતના જીવો નિરંતર સુખની અભિલાષા સેવી રહ્યા છે. નિરંતર બધાને એકજ અભિલાષા છે કે અમે કેમ સુખી થઇએ. અમારૂં જીવન કેવી રીતે આનંદમય બને. આ ઇચ્છાને સિદ્ધ કરવા માટે માણસે પુરૂષાર્થ કરવો જ પડે. માણસે સુખેથી ચાલવું હોય તો કાંટાળો માર્ગ છોડી દેવો જ જોઈએ ભગવાનનું ધ્યેય એક જ છે કે જગતને કેવી રીતે સુખી કરૂં ? નંદી સુત્રમાં કહ્યું છે કે जयइ जगजीवजोणि અર્થાત્... ભગવાન સર્વ જીવોની યોનિને જાણનારા છે. આ જગતમાં જીવો જુદી-જુદી યોનિમાં કેમ ભટકે છે, કેમ દુઃખી થાય છે ? કારણ કે માણસ સુખને માટે આંખો મીચીને ગમે તેવા પાપો કરવા તૈયાર થાય છે. તેથી તેના ફળ સ્વરૂપે તેને જ્યાં ત્યાં ભટકવું પડે છે. માણસ ગામડામાંથી જ્યારે શહેરમાં જાય છે ત્યારે શહેરી એ ગામડિયાને કહે છે કે ભાઇ આગળ-પાછળ જોઈને ચાલજે ભગવાન પણ આપણને એમ કહે છે કે આગળ પાછળ જોઇને ચાલજો. આગળ એટલે કે કઈ ગતિમાં જવું છે. પાછળ એટલે જગતમાં રહેલી વિષમતાનું કારણ શું છે ? આ બધા સુખ-દુઃખનું મૂળભૂત કારણ જાણવા મળે છે ત્યારે જ સાચો ધર્મ હાથમાં આવે છે. ધર્મ એટલે જીવનની શુદ્ધિ, જીવનનું ઘડતર.

આ લોકના ઘડતર માટે પણ ધર્મ ખૂબ જ જરૂરી છે. જીવનમાં શાંતિ અને શક્તિ માટે ધર્મ કેટલો ઉપયોગી છે તેનો વિચાર કરીએ ત્યારે સમજાય કે બાર મહિનાનું નામ વર્ષ શા માટે ? કેમ બીજી કોઇ ઋતુના નામ પરથી ન પડયું. છ ઋતુ પૈકી એકલી વર્ષાઋતુ પરથી બાર મહિનાનું નામ વર્ષ પડયું એનું કારણ શું ? કારણ જો વરસાદ સારો થાય તો બારે મહિના સારા, અને ઓછા વત્તે અંશે થાય તો વર્ષ બગડી જાય છે. તેમ ચોમાસાનું મહત્ત્વ એટલા માટે છે કે ચોમાસા દરમ્યાન વીતરાગ પ્રભુની વાણીનું શ્રવણ સતત રહે છે અને સતત વાણીના શ્રવણથી જીવનમાં કાંઇક ફેરફાર થાય છે. ઉપરાંત ચોમાસામાં ધંધા-પાણી પણ મંદ હોય છે. તેથી ચોમાસા દરમ્યાન માણસ આ રીતે ધર્મધ્યાન કરી શકે છે. જેમ વર્ષાની હેલી જામતી હોય છે તેમ ચોમાસામાં ધર્મની હેલી જામે છે, ચોમાસું આવે એટલે ડોકટરની મોસમ શરૂ થાય. કારણ કે જો ચોમાસામાં તપ-જપ ન કરીએ તો રોગ આવે જ. એક ચોમાસું સારૂં જાય તો જીંદગી આખી સુધરી જાય. અરે ! જીંદગી જ નહીં પણ દૃઢ સંસ્કાર પડે તો જનમોજનમ સુધરી જાય. પણ વીતરાગની વાણીને બરાબર પચાવે તો આ માટે ચોમાસામાં સાધુ-સાધ્વીઓને આગ્રહપૂર્વક વિનંતિ કરીને લાવવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ **મનુષ્યજન્મ** શાસ્ત્રકારો કહે છે કે **મહાદુર્લભ** છે. જગતના સર્વ યોનિના જીવો ઇચ્છે છે કે મારે માણસ બનવું છે. શું એ બની શકે ખરા ? જે જીવો ભયંકર યાતનાથી પીડાઇ રહ્યા છે તે જીવો શું માણસ હોત તો યાતના ભોગવત ખરા ? **આજે કાયદા માનવોના રક્ષણ માટે છે પણ પ્રાણીઓના રક્ષણ માટે કોઇ કાયદા છે ખરા ? એમની કતલ થાય તો પણ તે કાંઇ બોલી શકે ખરા ?** જો એની જગ્યાએ આપણે હોઇએ તો ક્યારના પોકાર પાડી ઉઠયા હોત. આ મનુષ્ય જન્મ દુર્લભ છે એ શબ્દો સાંભળીને આપણે રીઢા થઈ ગયા છીએ. કાન પણ ઘસાઇ ગયા. આપણને કોઈ દિવસ વિચાર પણ આવતો નથી કે આપણે કેવી દુર્લભયોનિમાં આવી ગયા છીએ. આપણને તેની દુર્લભતાનો ખ્યાલ પણ આવતો જ નથી. આપણને તો એમ જ છે કે આપણે અહીં જ અનંતા કાળ સુધી રહેવાનું છે. મૃત્યુએ આપણા વાળ પકડેલા છે. તે આપણને ઘસડીને લઇ જઈ રહ્યું છે. એ દૃશ્ય જો આપણી સામે ખડું થાય તો આપણને જરૂર ધર્મ કરવાનું મન થાય. ગુજરાતના મહામંત્રી વસ્તુપાળ-તેજપાળ કેવા ખમીરવાળા હતા ! એક વખત મહારાષ્ટ્રના રાજા સાથે લડાઈ થઈ. રાજાએ કહેવડાવ્યું કે વસ્તુપાળ તું વાણીઓ છે. અમે તને ખતમ કરી નાખીશું. વસ્તુપાળ જવાબમાં કહેવડાવે છે કે હા હું વાણીઓ છું પણ સાંભળો : હું જ્યારે દુકાને બેસું છું ત્યારે ત્રાજવામાં કરીયાણા જોખું છું. પરંતુ જ્યારે યુદ્ધમાં જાઉં છું ત્યારે શત્રુઓનાં માથાંને તોલુ છું. એવા તો એ પરાક્રમી હતા. દાનપ્રેમી પણ તેવા હતા. દાન આપતા એમણે કોઇ પણ ભેદભાવ રાખ્યો નહોતો કરોડોનું દાન આપતા હતા. આવા સમર્થ વ્યકિત વિદ્વાન પણ હતા. સંસ્કૃતમાં નિષ્ણાત. ગણાતા. સંસ્કૃતમાં સુંદર સુભાષિતો બનાવતા. બધી રીતે સમર્થ. **'ધર્માભ્યુદય' કાવ્યની કોપી વસ્તુપાળે પોતાના હસ્તાક્ષરથી કરી હતી.** આટલા કામકાજમાં પણ તે આવું કામ કરતા. આવા મહાન સમર્થ વ્યકિત જ્યારે બહાર નીકળે ત્યારે કેટલાય લોકો તેમને કુશળતા પૂછતા હોય. આ વસ્તુપાળ એક વખત અરીસામાં જુએ છે અને પોતાના પ્રતિબિંબને પૂછે છે કે વસ્તુપાળ તને બધા કુશળતા પૂછે છે. પણ તને ક્યાંથી કુશળતા હોય ? મૃત્યુનો કોઈ ભરોસો જ નથી તું કુશળ નથી પણ મૃત્યુથી જકડાયેલો છે. આવી એમના જીવનમાં જાગૃતિ હતી આવી જાગૃતિ આપણા જીવનમાં આવી જાય તો આપણો જન્મારો સફળ થઈ જાય. આપણી પાસે કોઈ ગેરંટી છે કે આપણે મૃત્યુ પછી સુખી જ થઈશું. આપણી ચોવીસે કલાકની પ્રવૃત્તિ શું છે ? ખાવું-પીવું, પહેરવું, હરવું, ફરવું, બસ આ જ વિચારણા આપણા મગજમાં ઘૂમી રહી છે. બીજી કોઇ વિચારણા છે ખરી ? અહીં લહેરથી ખાઇએ છીએ. પણ જો કૂતરાની યોનિમાં જઇશું તો એક રોટલાનો ટૂકડો ખાવા માટે પણ પથરા ખાવા પડશે. **કવિ કાલિદાસ કહે છે તેમ થોડા ટુકડા માટે આપણે ઘણું ગુમાવી રહ્યા છીએ.**

**કપિલ** નામનો એક બ્રાહ્મણ હતો. એ કપિલના પિતા રાજ્યની અંદર મંત્રી હતા. અચાનક કપિલના પિતા ગુજરી ગયા. કપિલ નાનો હતો તેથી મંત્રીપદ બીજાને આપ્યું અને રાજ્ય તરફથી જે સામગ્રી મળેલી ત કપિલ પાસેથી લઇને તે મંત્રીને આપવામાં આવી એક દિવસ આ કપિલના ઘર પાસેથી નવો મંત્રી ઠાઠ-માઠથી નીકળે છે આ જોઈને કપિલની માને જૂની સંપત્તિ યાદ આવી તેથી તે ધ્રુસકે ધ્રુસકે રડે છે. તેથી છોકરો પૂછે છે : મા તું કેમ રડે છે ! એટલે મા કહે છે કે આ વૈભવ એક દિવસ આપણે ત્યાં હતો. તું નાનો હતો માટે આ વૈભવ બીજાને સોંપ્યો. તને હવે કાંઈ મંત્રીપદ મળે નહી. કારણ તું કાંઈ ભણેલો-ગણેલો નથી. માટે હવે તને મંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવા નહીં મળે. તો એ કહે કે હું ભણીશ. પણ બેટા તને અહીં કોઇ ભણાવશે નહીં નવો મંત્રી તને ભણવા દેશે જ નહીં. ત્યારે મારે શું કરવું ? તો મા કહે છે કે અહીંથી થોડે દૂર એક શહેરમાં તારા પિતાના મિત્ર રહે છે તેમની પાસે જઇને ભણે તો કામ થાય. છોકરાને એક જ લગની કે માને કેમ સુખી કરવી ? જો એનું મન પ્રસન્ન બનતું હોય તો ગમે ત્યાં જઈને ભણવા હું તૈયાર છું. બધી માહિતી મેળવીને પોતે એકલો નીકળી પડે છે. તેના હૃદયમાં એકજ માતૃભક્તિ ભરેલી હતી **આપણે તો ધર્મ એટલે એકલો ક્રિયાકાંડ જ સમજીએ છીએ. પણ ધર્મમાં સર્વ સદ્ગુણો આવી જાય છે. માતૃભકિત-પિતૃભકિત, બધું આવી જાય. શ્રી હરિભદ્રસૂરિ મ. કહે છે કે** त्रिकालं चास्य पूजनम् **અર્થાત્ મા-બાપની ત્રિકાલ પૂજા કરવી જોઈએ. કેશરની વાટકી લઈને પૂજા નથી કરવાની, પરંતુ ત્રિકાલ માબાપને વંદન કરવું, તેમને પ્રેમથી જમાડવા, આરોગ્યની ખબર રાખવી.... વગેરે. પરંતુ આપણે તો ધર્મને દહેરાસર અને ઉપાશ્રય પૂરતો સીમિત કરી દીધો છે. બસ પૂજા કરી, પ્રતિક્રમણ કર્યું. એક-બે નવકારવાળી ગણી. એટલે બધું આવી ગયું. પછી ભલેને ઘેર આવીને મા-બાપને તિરસ્કારતા હોઇએ.** દુકાને બેસીને અનેકોને ઠગતા હોઇએ. **આને ધર્મ માનવો કેમ ?** કપિલ પાસે બીજો ધર્મ નથી પણ માતૃભક્તિ છે. માટે માના આશીર્વાદ લઈને નીકળ્યો છે. અને પિતાના મિત્રના ગામમાં આવી પહોંચે છે. પંડિતના ઘેર જાય છે. પોતાની સર્વ હકીકત જણાવે છે. પંડિત કહે છે કે ભાઇ હું નિર્ધન છું. તારી જમવાની સગવડ થાય તો હું ભણાવી શકું. તેથી કયાંક ખાવાનો બંદોબસ્ત કરવો પડશે. એ ત્યાંથી કોઇ શ્રીમંતના ઘેર પહોંચે છે. અને શેઠને કહે છે : શેઠ એક છોકરો મારી પાસે ભણવા આવ્યો છે તેને તમે જો દરરોજ ખવડાવો તો હું ભણાવી શકું. શેઠે હા પાડી. છોકરો જમવા જાય છે. અને મજા કરે છે. દરરોજ જ્યારે એ જમવા જાય છે ત્યારે દરરોજ એક છોકરી તેને જમાડે છે. નિરંતર બન્ને વચ્ચે પરિચય થવાથી કામ-રાગ પેદા થાય છે. બન્ને છેક પતિ-પત્નીના રાગ સુધી પહોંચી જાય છે. એક વખત જ્યારે એ જમવા જાય છે ત્યારે પેલી છોકરી ઉદાસ હોય છે. તેથી છોકરો હઠ પકડીને પૂછે છે કે આજે તું ઉદાસ કેમ છે ? ત્યારે છોકરી કહે છે કે અમારે દાસીઓને એક તહેવાર આવે છે. તેમાં બધા સારા કપડાં પહેરશે, સારૂં ખાશે-પીશે અને મજા કરશે. જ્યારે મારી પાસે તો ફૂટી કોડીએ નથી. હું શું કરૂં ? ત્યારે છોકરો કહે છે કે મારી પાસે પણ એક કોડીએ નથી. જો તું કાંઇ રસ્તો બતાવે તો હું મદદ કરૂં. એટલે છોકરી કહે છે કે અહીંયા એક શ્રીમંત રાજા છે એને ત્યાં સવારમાં જે કોઈ પહેલો આવે અને આશીર્વાદ આપે તેને બે માસા સોનું આપે છે. આ તો ઘેર પહોંચીને સૂઈ જાય છે પરંતુ ઉંઘ આવતી નથી. મધ્યરાત્રિના સમયે ઉઠે છે અને દોડવા માંડે છે. કારણ ? કોઈ બીજો પહોંચી જાય તો ? એ બીકથી હવે મધ્યરાત્રિએ તેને આમ ભાગતો જોઈને ચોકીદાર પડકાર ફેંકે છે. પણ આ ઉભો રહેતો નથી. છેવટે ચોકીદાર તેને પકડીને જેલમાં પૂરે છે. સવારે રાજસભામાં તેને ખડો કરવામાં આવે છે. રાજા પોતે ન્યાય કરે છે. તેને સર્વ હકીકત પૂછે છે અને તે પોતાની સર્વ હકીકત પ્રગટ કરે છે. સત્યથી હંમેશા જય થાય છે એની સાચી હકીકત સાંભળીને રાજા પ્રસન્ન થઇને માંગવાનું કહે છે. એ વિચાર કરે છે કે શું માંગવું ? વિચારવા માટે સમય માંગે છે અને વિચાર કરવા માટે કોઈ બગીચામાં જાય છે. હવે એ શું વિચારે છે અને પછી શું સર્જાય છે તે અવસરે જોઈશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અષાડ સુદ - ૧૫**

ધર્મ શું ચીજ છે ? એ જીવનમાં ખાસ સમજવાની જરૂર છે. જીવોની ત્રણ ભૂમિકા છે. બાલ્યાવસ્થા, મધ્યમાવસ્થા, અને પ્રાજ્ઞાવસ્થા. બાલ્યાવસ્થામાં બાળકોને રમકડાં વગેરે પ્રિય છે. મધ્યમાવસ્થાના માણસોને રમકડાંમાં કાંઇ પ્રિય ન હોય. ક્રિયાકાંડો વગેરે ચીજો એ ધર્મના સ્વરૂપ રૂપે ભાસે છે. માણસની જે પ્રમાણેની ભૂમિકા હોય તે પ્રમાણે તેની સાથે વાતો કરવી જોઇએ. ધર્મ એક એવી વિશાળ ચીજ છે જેમાં સર્વ ચીજોનો સમાવેશ થઇ જાય છે. ધર્મની પ્રાપ્તિ એટલે સદ્‌ગુણોની પ્રાપ્તિ. ધર્મનું સ્વરૂપ એ દિવ્યસ્વરૂપ છે. ધર્મનું દિવ્યસ્વરૂપ જ્યારે જીવનમાં આવે ત્યારે જીવન મંગલમય બની જાય છે. જ્યારે ધર્મની અદ્‌ભુતતાનો ખ્યાલ આવે ત્યારે માણસને ખબર પડે છે કે આ ધર્મ વગર ક્ષણ પણ જીવી શકાય તેમ નથી. જીવનમાં માન, સન્માન, મોભો એ બધું મળી જાય એટલે માણસ માને કે મને સર્વસ્વ મળી ગયું છે. વૈશાખ મહિનાના ભર તડકામાં જંગલમાં કયાંક થોડો છાંયડો હોય તો મનને કેટલી બધી વિશ્રાંતિ લાગે તેમ ધર્મ મળવાથી માણસને ઘણી બધી વિશ્રાંતિ મળે છે આ જન્મમાં જ ધર્મને સમજવાની તક છે. બાકી બીજી કોઈ યોનિમાં શું સમજવાની તક મળવાની છે ? **કુમારપાળ મહારાજ દરરોજ સવારમાં ઉઠતા ત્યારે ભગવાનને પ્રાર્થના કરતા કે પ્રભુ ! તારા ધર્મ વિનાનું ચક્રવર્તીપણું મળે તો પણ મારે જોઇતું નથી.** ચક્રવતીની સાહ્યબી કેવી છે તે જાણો છો ? ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ હાથી, ૯૬ કરોડ પાયદળ અને ૧૬૦૦૦ દેવો તેની સેવામાં હોય છે. તેના શરીરમાં પણ ખૂબ જ બળ હોય છે. એક અવસર્પિણીથી ઉત્સર્પિણી સુધીના કાળમાં ૧૨ ચક્રવતી થાય ચક્રવતીની તાકાત કેટલી ! એક ખાડો હોય તેની એક બાજુ ૧૬૦૦૦ રાજાઓ અને બીજી બાજુ ૧૬૦૦૦ રાજાઓ હોય વચમાં ચક્રવર્તિ ઉભો હોય એના બન્ને હાથમાં સાંકળ હોય હવે રાજા કહે કે મને ખેંચો. ૩૨૦૦૦ રાજાઓ ખેંચે તોપણ તેને એક મિલિમીટર પણ ખસેડી ન શકે. ચક્રવતીની સ્ત્રીમાં પણ એટલી જ તાકાત હોય છે. તે જ્યારે કપાળમાં ચાંલ્લો કરે ત્યારે તેના હાથની ચપટીમાં હીરાને મસળીને તેનો ભૂક્કો ચોંટાડે. આવું ચક્રવર્તિપણું પણ કુમારપાળ મહારાજા આ ધર્મના બદલામાં ત્યજી દે છે. તેવી તેમની તૈયારી છે. મોટાં મોટાં રાજ્યો અને રાજાઓ થઈ ગયા તેની કોઇ હયાતી અત્યારે નથી. તો શું આપણી કે સંપત્તિની હયાતી કાયમ રહેવાની છે ? ધર્મનો ઉપદેશ સાંભળીએ ખરા. પણ તેનું મહત્ત્વ જ્યાં સુધી સમજાય નહીં ત્યાં સુધી ઉપદેશ નકામો છે. જ્યારે ભગવાનનો ઉપદેશ સમજાય ત્યારે આ સંપત્તિ તુચ્છ લાગશે. આપણાં જીવન પર અત્યારે પુણ્યરૂપી વાદળાની છાયા છે ત્યાં સુધી વાંધો નથી, પણ જ્યારે એ વાદળ ખસી જશે ત્યારે તડકાના તાપને ખમી નહીં શકીએ માટે તાપને પણ સહન કરતા શીખો. આપણો રૂપિયો શું અમેરિકામાં કામ લાગશે...?' ના, આ નાણું આપણું આ લોકમાં પણ કામ નથી લાગતું તો પછી પરલોમાં કયાંથી કામ લાગશે ?

કપિલની વાત શરૂ થાય છે.

કપિલ વિચાર કરે છે. બે માસા સોનું શા માટે માંગુ ? લાવને વધારે માગું. કારણ કે એને પેલી છોકરી સાથે સંસાર માંડવો છે. માટે હવે આપનાર બેઠો છે તો શા માટે ઓછું માંગવું ? તેથી વિચારમાં ને વિચારમાં બે માસા પરથી ક્રોડ માસા સુધી પહોંચી ગયો. હજી પણ વિચાર કરે છે કે ક્રોડ માસાથી મારી તૃપ્તિ નહીં થાય લાવને આખું રાજ્ય માંગી લઉં જેથી જીંદગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# 卐 નવકાર મહામંત્રનો મહિમા 卐

( " જેના હૈયે શ્રી નવકાર તેને કરશે શું સંસાર ? " પુસ્તકમાંથી સાભાર )

**પ્રો. કે. ડી. પરમાર**, શ્રાવક પોળ, દેરાસર શેરી,
મુ. પો. જંબુસર જિ. ભરૂચ. પીન : ૩૯૨ ૧૫૯

સંવત ૨૦૩૫ અને ૧૯૮૦ ભાદરવા સુદ ચૌદશ, અનંત ચૌદશના સુરતથી જંબૂસર એક પ્રોફેસર મિત્ર સાથે પાછા ફરતા હતા. રેલવે ગાડીમાં બેસીને સુરતથી ભરુચ આવવાની ભાવના હતી. ત્યાં સ્ટેશન માર્ગે જતાં, ટ્રાફિક જામ થઇ જતાં, એક એસ.ટી. બસ ઉભી રહી. તેમાં બેસી જવાની તક મળી. સૌથી પાછળ બેઠા. બેઠા પછી ઉભા થયા. સહુથી આગળ ડ્રાઈવરની પાછળના ભાગ પર ખાલી જગા હોવાના કારણે ત્યાં જઈને અમો બંને બેઠા. કાંઇ ચેન પડે નહિ.

નવકાર મનમાં રમતો હતો. ત્યાં અંદરથી અવાજ આવ્યો, "ઉતરી જા, પાછળ જે બસ આવે છે, તેમાં બેસી જા " મન માન્યું નહિ. ફરીથી પાછો અવાજ આવ્યો. "પાછળના ભાગમાં જતો રહે." ચાલતી બસે સાથેના ભાઈને ઊભા કરી પાછા બસની પાછલી સીટ ઉપર જઇને બેઠા. બસની અંદરના પ્રવાસીઓને આશ્ચર્ય થયું, બસ હાઈવે પર પૂરજોશમાં જવા લાગી.

અંદરથી તો એક અવાજ વારંવાર આવતો હતો. "ઉતરી જા, પાછળ આવતી બસમાં બેસી જા." પરંતુ બનનાર વસ્તુ બને છે. તેને કોણ મિથ્યા કરી શકયું છે ? સમયનું ભાન ન રહ્યું. નવકારનું સ્મરણ હૈયે હતું. હાઈ-વે પર ગાડીઓની આવ-જા વધી. અમારી બસ આગળ નીકળી ગઇ. પાછળ આવતી બસ, પાછળ પડી ગઈ.

ત્યાં એકાએક આભ ફાટે, વીજ તૂટે તેવો ભયંકર

( અનુસંધાન પાના નબર ૫૫ નું ચાલુ )

શાંતિથી વીતે પણ ત્યાં તો વિચારધારા પલટાય છે. તેની પાસે એકજ ગુણ હતો તે માતૃભકિત. તે વિચારે છે. જે રાજાએ મને જેલમાં પૂરી દેવાને બદલે માંગવાનું કહ્યું તેનું શું હું બધું લૂંટી લઉં ? અહો ! માએ મને શા માટે મોકલ્યો હતો. અહીં મેં આ શું નાટક ઉભું કર્યું. ત્યાં એકદમ પલટો આવે છે. સંસારનું સ્વરૂપ સમજાઈ જાય છે. અને સાધુ થવાનો વિચાર કરે છે. **માણસ બધાનો વિચાર કરે છે પણ કોઈ દિવસ પોતાનો વિચાર કરે છે ?** વિચાર કરીને કપિલ રાજા પાસે આવે છે અને પોતાના સર્વ વિચારો જણાવે છે. અને સાધુ વેશ પહેરીને ત્યાંથી નીકળે છે. રસ્તામાં તેને પાંચસો ચોરો મળે છે ચોરો તેમને કોઈ ભજન સંભળાવવાનું કહે છે. તે ગાય છે અને સાથે ચોરો પાસે પણ ગવડાવે છે. તેનો અર્થ આ છે કે આ સંસાર અસ્થિર છે. તેમાં કાંઈ જ સ્થિર નથી આ આંખ મીંચાયા પછી સામે કૂતરા, બિલાડા, ઉંદર વગેરેની યોનિયો ઉભી છે. આપણે કયાં સારાં કામો કર્યા છે કે આપણે એ યોનિમાં જઇશું જ નહીં એવો વિશ્વાસ રહે.

અહીં કપિલ મુનિ ભજન ગવરાવતા-ગવરાવતા જાય છે અને પાંચસો ચોરો પ્રતિબોધ પામે છે અને દીક્ષા ગ્રહણ કરવા માટે તૈયાર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધડાકા જેવો અવાજ કાનના પડદાને ચીરી ગયો. જોયું તો ઉછળીને હું બસના તળિયા પર પડયો હતો. બસમાં કારમું આક્રંદ-ચૂમરાણ સંભળાતા હતાં. બસનો સળિયો છાતીના ભાગમાં વાગવાથી, ઢીંચણ પર અથડાવાથી હૃદય તથા સાથળના ભાગને ખૂબ જ ઇજા પહોંચી હતી. શ્વાસ અદ્ધર થઇ ગયા હતા. પ્રાણ આંખમાં ડોકાઇ રહ્યો હતો. અસહ્ય વેદના વચ્ચે ચેતન ચમકતું હતું.

એસ ટી. બસ અને સામેથી આવતી ટ્રક, ટકરાતાં જીવલેણ અકસ્માત સર્જાયો હતો. રસ્તા પર રક્ત વહી રહ્યું હતું. કાચના કણ માર્ગ પર પથરાઇ પડયા હતા. ટ્રક બસના તૂટેલા ભાગો ઉછળીને વેરણ છેરણ પડયા હતા. આવતો જતો વાહન વ્યવહાર થંભી ગયો હતો. બેભાન બનેલા, તથા ઇજા પામેલાઓનું રુદન વાતાવરણને હચમચાવી મૂકતું હતું.

મારી સાથેના પ્રોફેસર મિત્રને ઇજા પહોંચી હતી પણ કોણ જાણે કેમ એ બચી ગયા. મને બસમાંથી ઉતારી જમીન પર સૂવાડયો. અને છાતી પર હાથ ફેરવતાં કહેવા લાગ્યા, 'તમને કંઇ થવાનું નથી. ઠાકોરજીનું સ્મરણ કરો. ભગવાન સારું કરશે. મટી જશે સ્મરણ કરો.

વેદના એટલી બધી તીવ્ર હતી કે હમણાં પ્રાણ પંખેરું ઊડી જશે. એમ લાગતું હતું. મેં તેમને કહ્યું, 'આ શરીર પડી જાય તો એને ઘર ભેગું કરજો.'

ભાઇએ હિંમત આપી 'તમને મટી જશે. ચિંતા ન કરો, ચિંતા ન કરો. પ્રભુનું સ્મરણ કરો.'

વાતાવરણમાં વેદનાની ચીસો સંભળાતી હતી. ચારેકોર ગમગીની પ્રસરી રહી હતી વિષાદનાં વાદળ ઘેરાતાં હતાં ન સહાય, ન વેઠાય, ન ઉઠાય, ન બેસાય, ન સૂઇ રહેવાય, ન કહેવાય તેવી કારમી વેદના શરીર પર પોતાનું સામ્રાજ્ય જમાવીને બેઠી હતી. મોત સામે દેખાતું હતું પણ નવકારનું સ્મરણ એને પડકારતું. 'કાંઇ જ થવાનું નથી.' ગભરાવાની જરૂર નથી. અંતરથી કોઈ આશ્વાસન આપતું હતું. તે સમયે એકાએક એક કાર ત્યાંથી પસાર થતી હતી એ બનેલો આ બનાવ જોવા, જ્યાં હું પડયો હતો, ત્યાં આવીને ઊભી રહી. સાથેના મિત્રે બધી વાત કરી. અને મને તેમની કારમાં બેસાડીને પાસેની કોઇ હોસ્પિટલમાં લઇ જવા વિનંતી કરી. તેમણે વિનંતી સ્વીકારી. કારમાં ત્રણ ભાઈઓ હતા. સુરતથી ઝઘડિયા જાત્રા કરવા જતા હતા. તેમણે મને ખૂબ પ્રોત્સાહન આપ્યું. માર્ગ કાપતાં, નવકાર, શાંતિ, બૃહત શાંતિ સંભળાવી. પરમ ઉપકારી પરમ પૂજ્ય ગુરુદેવનું સ્મરણ થયું, હૃદયથી તેમનાં દર્શન કર્યાં. ન બોલાય તેવી હાલતમાં પણ નવકારમંત્ર બોલવા માંડયો. વેદના વિસારે પડી. દુઃખ દૂર થયું. ત્યાં અંકલેશ્વર આવ્યું. દવાખાના નજીક છોડી, કાર ઝઘડિયાના રસ્તે દોડી ગઈ.

અંકલેશ્વરના ડોક્ટરે ખૂબ જ હિંમત આપી. યોગ્ય દવા કરી. શરીર પર મૂઢ માર પડેલો. કેટલાક ભાગમાં કારમી ચોટ લાગેલી. દેવગુરુ કૃપાએ સાથેના ભાઇ અંકલેશ્વરથી રાતે ભરૂચ લઇ આવ્યા. અને મોડી રાતે ભરૂચથી જબૂંસર આવ્યા. ઘેર મૂકી ગયા.

કુટુંબમાં કોઇને પણ આ વાતનો અરસાર ન આવે તેમ રહેવા પ્રયત્ન કર્યો, જાણે કંઇ જ ન બન્યું હોય તેમ સૂઇ રહેવા મથ્યો, પણ દુઃખ જાગતું હતું. શરીર ચાડી ખાતું હતું. માંડ સવાર પડી. જંબૂસરના ડોક્ટરની સારવાર લીધી.

આ સમાચાર મુંબઇ મળતાં, પરમ સ્નેહી, સેવાભાવી, સાધર્મિક પ્રેમી ઉપકારી શેઠશ્રી ખીમજીભાઇ (બાબુભાઇ) છેડા (કાંડાગરાવાળા) જંબૂસર દોડી આવ્યા મુંબઇ આવવા જણાવ્યું. થોડા દિવસો બાદ મુંબઇ ગયા અને ખીમજીભાઇની કાળજીભરી માવજત નીચે, બોમ્બે હોસ્પિટલના ડોક્ટરોની પ્રેમભરી સારવાર મળી, દવા મળી, નવું જીવન મળ્યું.

આવો છે આ મંત્રાધિરાજ નમસ્કાર મહામંત્રનો પ્રભાવ! અદ્ભુત અને અનુપમ! તેની અચિંત્ય શક્તિ સક્રિય બનીને, બધું બનવા પાછળ, આ જીવનું રક્ષણ કરતી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાન પુણ્યોદયે મળેલા આ મહામંત્રને હૈયામાં વણી લઇ, આપણે મળેલું માનવજીવન સફળ કરવું જોઈએ. પ્રત્યેક શ્વાસે સંભારવો જોઈએ. આ મંત્રનો મહિમાં અપરંપાર છે.

પરદેશમાં રહેતા એક ભાઇને હૃદય રોગનો હુમલો થયો. તેથી ઇંગ્લેન્ડની એક હોસ્પિટલમાં તેમને દાખલ કર્યા. ઓપરેશન-થિયેટરમાં તેમને લઇ જવામાં આવ્યા. હૃદય બંધ પડી ગયું હતું.

ડોક્ટરે તપાસ કરી, જણાવ્યું, "He is dead" (તેઓ મૃત્યુ પામ્યા છે) તેમના શરીર પર કપડું ઢાંકી દીધું. સગાંઓને જાણ કરી અને તે શરીરને સોંપવા માટે તૈયારી થઈ રહી. સ્ટ્રેચર પર દેહને મૂકીને ઓપરેશન થિયેટર બહાર આવ્યા. ત્યાં ઢાંકેલા કપડામાંથી અવાજ આવ્યો, "નમો અરિહંતાણં !" ડોક્ટર તથા સગાં સંબંધીઓને ભારે આશ્ચર્ય થયું. કપડું દૂર કર્યું. પેલા ભાઈએ આંખ ખોલી. બધાને જોતાં બોલી ઊઠયા, "નમો અરિહંતાણં." બેઠા થઇ સહુને જણાવ્યું. "આટલા સમય સુધી હું પૂજ્ય ગુરુ મહારાજ પાસે હતો. તેમણે મને નવકાર ગણવા કહ્યું. હું નવકાર ગણતો હતો. મેં કહ્યું, મને જવા દો. મોડું થયું છે. બધા મારી રાહ જોતા હશે.' પણ ગુરુ મહારાજે મને રાખેલો. છતાં રજા લઈને હું પાછો આવી ગયો છું."

આ સાંભળતાં જ સહુ નમી પડયા. આજે પણ એ ભાઈ સાજાસમા છે. મળે ત્યારે કહે છે કે "હવે હું એ બાબતમાં ખૂબ જ મક્કમ થઇ ગયો છું. મોત ગમે ત્યારે આવે. મરવાનો ભય નથી, અને પૂજ્ય ગુરુદેવની કૃપાથી નવકાર મારો પ્રાણ બની ગયો છે. શ્વાસે શ્વાસે તેનું સ્મરણ કર્યા કરું છું.'

આવા તો કેટકેટલા દાખલા જગતમાં જોવા જાણવા મળશે. શાસ્ત્ર લખે છે કે...

"જેના હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર ?"

આ સંસારમાં કષાયરૂપી તાપથી પીડાતા, કર્મરૂપી મેલથી ખરડાયેલા, તૃષ્ણારૂપી તૃષાથી તૃષાતુર બનેલા જીવને સાચો વિસામો આપનાર નમસ્કાર મહામંત્ર જ છે. જ્ઞાની ભગવંતો કહે છે કે, આ અસાર સંસારમાં જો કોઇ સારભૂત વસ્તુ હોય તો તે એક જ નવકારમંત્ર છે.

શ્રી નવકાર એ જૈન શાસનનો સાર છે. ચૌદ પૂર્વનો સમ્યગ્ ઉદ્ધાર છે. સર્વ શ્રેયોમાં પ્રથમ શ્રેય છે. સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

ઘોર ઉપસર્ગોનો પણ તે નાશ કરે છે. દુઃખને હરે છે. મનોવાંછિત પૂરે છે ભવ સમુદ્રને શોષવે છે. આ લોક અને પરલોકનાં સુખનું તે મૂળ છે.

સર્વ પાપોનો નાશ કરનાર, સંસારનો વિલય કરનાર, કર્મને નિમૂળ કરનાર, કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવનાર, સકલ સંઘને સુખ દેનાર, કલ્યાણની પરંપરાને પમાડનાર, અનંત સંપદાને અપાવનાર જન્મ મરણની જંજાળમાંથી જીવોને છોડાવનાર આ મહામંત્રનો મહિમા વાણીમાં મૂકી શકાય તેમ નથી. શબ્દો પણ તેને સમજાવવા માટે ઓછા પડે તેમ છે.

એવો તરણ તારણહાર, પરમપદ પ્રાપ્ત કરાવનાર, શિવસુખ દેનાર, સિદ્ધપદ પર સ્થાપનાર અચિંત્ય સામર્થ્ય-યુક્ત નવકારને આ હૃદયના અનંત અનંત નમસ્કાર...!

---

ઉપરોક્ત ઘટનાના આલેખક પ્રોઃ કે. ડી. પરમાર જન્મથી અજૈન હોવા છતાં નવકાર મહામંત્રના અજોડ આરાધક સ્વ. પૂ પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. સા. ના સત્સંગથી જૈન ધર્મ પામી સાધના દ્વારા અત્યંત અનુમોદનીય આત્મવિકાસ સાધ્યો છે. વડાલા, નલા-સોપારા તથા ડોંબીવલીમાં અમારી નિશ્રામાં તેમણે સભા સમક્ષ નવકાર મહામંત્ર તથા જિનભક્તિ વિષે ખૂબ જ મનનીય વક્તવ્ય રજૂ કર્યું હતું.

— સંપાદક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### વિદ્વાન જૈન મુનિશ્રી જમ્બુવિજયજી મહારાજ સાહેબનો સ્પષ્ટ અભિપ્રાય

# અમે જૈનો એવું જરાપણ ઈચ્છતા નથી કે સરકારી નોકરીઓમાં કે અનામતોમાં લાભો મળે માટે લઘુમતી ગણાવાનું પસંદ કરીએ

નમસ્કાર મંત્રારાધક શશીકાંતભાઇ કીરચંદભાઈ મહેતા (રાજકોટવાળા)શ્રી શંખેશ્વરજી તીર્થમાં આવ્યા હતા. તે સમયે તેમણે તેમની સામે ઘણા તરફથી આવેલો પ્રશ્ન રજૂ કરેલો હતો તેઓને પૂજ્ય ગુરુદેવ મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી જંબુવિજયજી મહારાજે આપેલા ઉત્તર આ પ્રમાણે છે.

પ્રશ્ન : જૈનોએ લઘુમતીમાં રહેવા સરકારશ્રી પાસે રજુઆત કરી તેમાં આપે શું કહેવાનું છે ? શું જૈનો હિન્દુ પ્રજાથી અલગ છે ?

ઉત્તર . ભારતના મૂળભૂત વતનીઓને હિન્દુ કહેવામાં આવતા હતા. એ રીતે અમો જૈનો હિન્દુજ છીએ ખરેખર હિન્દુ ધર્મ એ કોઇ સ્વતંત્ર એક ધર્મ નથી, છતાં ભારતના મૂળભૂત ધર્મોને હિન્દુ ધર્મ કહેવામાં આવતા હોય તો એ રીતે ધાર્મિક દૃષ્ટિએ પણ અમે હિન્દુ જ છીએ,

એક વાત સમજી લેવી જોઈએ કે, જૈન ધર્મ એ વિશિષ્ટ અને સ્વતંત્ર ઉપાસનાની પદ્ધતિ છે. એના અનુયાયીઓની સંખ્યા ઓછી હોવાના કારણે અમે જૈનો ઘણા સમયથી અલ્પ સંખ્યામાં છીએ છતાં સામાજિક દૃષ્ટિએ હિન્દુ જ છીએ. તેથી આખા ભારતમાં જૈનોના થોડા ઘરો હોય તો પણ મહાજનરૂપે સમગ્ર હિન્દુ સમાજના કાર્યોમાં જૈનો અગ્રેસર જ રહેતા હતા અને લોકમાં પણ જૈનો અગ્રેસર જ ગણાતા હતા. અમારી ઉપાસનાની પદ્ધતિ વિશિષ્ટ પ્રકારની હોવાથી અમારી ધર્મ સંસ્થાઓનો વહીવટ પણ વિશિષ્ટ રીતે જ થતો હોય છે. જૈન સંઘ શ્રમણપ્રધાન છે. જૈન સંઘને સ્પર્શતા નિર્ણયો લેવાનો અધિકાર જૈન સાધુસંઘનો જ છે. જૈન સાધુઓ સમગ્ર ભારતમાં પગે જ વિચરતા હોય છે. એટલે જૈન સાધુસંઘ ભેગો થઇને નિર્ણયો કરે એ વાત સહેલી વાત નથી. એ માટે વર્ષોથી તૈયારી કરવી પડે છે કે જેથી જુદા જુદા પ્રદેશોમાં વિચરતા સાધુઓ એક સ્થળે એકત્રિત થાય અને તે તે મુદ્દાઓ ઉપર તલસ્પર્શી વિચારણા કરે જૈન સાધુઓ મોટા ભાગે સ્વાધ્યાયમાં તથા તેમના ધર્માનુષ્ઠાનોમાં તેમજ ધર્મનો પ્રચાર કરવામાં સદાયે પરોવાયેલા હોય છે. તેથી રાજકીય તથા સામાજિક દૃષ્ટિએ જગતમાં શું શું પરિવર્તનો ચાલતા હોય છે તેનાથી તે ઘણા જ અપરિચિત હોય છે. તેમજ આ વિષયના અભ્યાસીઓ પણ થોડા હોય છે. એટલે રાજકીય કે સામાજિક કોઇ પ્રશ્ન ઉપસ્થિત થયો કે તરત જ સાધુઓ તેનો ઉત્તર આપી દે એવી અપેક્ષા રાખવી એ ગણી વધારે પડતી વાત છે.

જૈન સંસ્થાએ. પરંપરાથી શાસ્ત્રીય રીતે જૈન સાધુ સંઘે નક્કી કરેલા સિદ્ધાંતો પ્રમાણે ચાલતી હોય છે. એ રીતે લગભગ દરેક જૈન સંસ્થાઓ સાધુસંઘના માર્ગદર્શન અને સહાયથી જ ચાલતી હોય છે. પરંતુ તેના વહીવટી માળખામાં સાધુઓ ક્યારેય પ્રાય; જોડાતા નથી. સાધુઓ સદાયે ફરતા રહેતા હોવાથી વહીવટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માળખામાં પડવુ એમના માટે શક્ય જ હોતુ નથી. ખરેખર સાધુઓનો ધર્મ ઉપદેશનો છે. આદેશ કે વહીવટ એ સાધુઓનો વિષય જ નથી.

અમારી વિશિષ્ટ ઉપાસના પદ્ધતિને કારણે અમારી વહીવટની પદ્ધતિ પણ જુદા જ પ્રકારની હોય છે, તેથી સરકાર અમારા વહીવટીમાં માથું મારે અને ડખલગિરિ કર્યા કરે એ અણસમજભરી અને અમને મુંઝવનારી વાત છે. તેથી જૈનોમાં અગ્રેસર ગણાતા કેટલાક શ્રાવકો વહીવટી દૃષ્ટિએ અમારી ધર્મ સંસ્થાઓમાં સરકારી ડખલગિરિથી બચવા માટે જ રાજકીય દૃષ્ટિએ લઘુમતીમાં રહેવાનું પસંદ કરે કે એવા નિવેદનો કરે એ સંભવિત છે. પરંતુ આ જાતના વિચારો કે નિવેદનો સમગ્ર જૈન સંઘનો અભિપ્રાય છે એવું ક્યારેય માનવું નહીં. સમગ્ર જૈન સંઘને સ્પર્શતા નિર્ણયો લેવાનો અધિકાર જૈન સાધુસંઘનો જ છે. આવા નિર્ણયો લેવા માટે જૈન સાધુસંઘને એકત્રિત કરવામાં કેવી મુશ્કેલીઓ છે તે અગાઉ જણાવેલું જ છે.

ભારતીય સંસ્કૃતિના પ્રતિક તરીકે ગણાતા સોમનાથ મહાદેવના મંદિરનો જિર્ણોદ્ધાર પણ જૈનોમા અત્યંત આદરણીય મહારાજા કુમારપાળે આજથી લગભગ ૮૦૦ વર્ષ પૂર્વે કરેલો હતો. એ સિવાય પણ વસ્તુપાળ તેજપાળ આદિ ઇતિહાસમાં નામાંકિત અનેક જૈન ધર્મધુરંધરોએ જૈન મંદિરો ઉપરાંત બીજા ધર્મના પણ મંદિર આદિ અનેક સ્થાનો બનાવેલાં છે. રાષ્ટ્રીય દૃષ્ટિએ પણ જૈનોએ ઘણા ભોગો આપેલા છે. હિન્દુ સમાજના કાર્યોમાં જૈનો પહેલાંથી જ અગ્રેસર બનીને ભાગ લેતા આવ્યા છે જે કંઈ લઘુમતી અંગેની વિચારણા કેટલાક શ્રાવકો કરે છે તે પણ માત્ર અમારી ધાર્મિક સંસ્થાઓમાં સરકારી ડખલગિરિથી બચવ માટે જ કરે છે. આ વિષયમાં પણ અમારું સ્પષ્ટ મંતવ્ય છે કે કોઇપણ ધાર્મિક સંસ્થાઓમાં સરકારી ડખલગિરિ હોવી જોઈએ જ નહિ. એનો અમે પ્રખર હિમાયતી છીએ.

અમે જૈનો એવું જરા પણ ઇચ્છતા નથી કે, સરકારી નોકરીમાં કે અનામતોમાં લાભો મળે માટે લઘુમતી થવાનું પસંદ કરીએ. દેવગુરુ કૃપાથી ધર્મના પ્રભાવે જે કંઈ મળે તેમાં પૂર્ણ આનંદ માનનારા અમે જૈનો છીએ. ધાર્મિક દૃષ્ટિએ અમારી વિશિષ્ટ સાધના પદ્ધતિ હોવાથી અમારી ધાર્મિક સંસ્થાના વહીવટમાં કેટલીક વિશિષ્ટતાઓ અવશ્ય છેજ. સામાજિક દૃષ્ટિએ પણ કેટલીક વિશિષ્ટાઓ જૈનોમાં રહેવાની જ તેમજ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ પણ અમારા બીજા હિન્દુભાઈઓ કરતાં અમારી વિશિષ્ટતા છે એ પણ સ્વાભાવિક જ છે. ધાર્મિક દૃષ્ટિએ અમે જૈનો લગભગ હંમેશા અલ્પસંખ્યામાં જો કે છીએ છતાં ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ, સામાજિક દૃષ્ટિએ, રાજકીય દૃષ્ટિએ અને ભારતની રાષ્ટ્રીય દૃષ્ટિએ પણ અમે હિન્દુઓ જ હતા, હિન્દુઓ જ છીએ હિન્દુઓ જ રહેવાના છીએ.

-: નિવેદક :-

શ્રી શંખેશ્વરજી તીર્થ, પીન-૩૮૪૨૪૬
વિ. સં. ૨૦૫૩ મહા સુદી ૫
મંગળવાર, તા. ૧૧-૨-'૯૭

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી પટ્ટાલંકાર
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મહારાજના શિષ્ય
પૂજ્ય ગુરુદેવ મુનિરાજ શ્રી ભુવનવિજયાન્તેવાસી મુનિ જંબુવિજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનગર જૈન સંઘના ઉપક્રમે પૂ. આ. શ્રી દેવસૂરીશ્વરજી મ.સા. આદિ આચાર્ય ભગવંતોની શુભ નિશ્રામાં

# શ્રી કૃષ્ણનગર મધ્યે સામુદાયિક શાશ્વતી ઓળી તથા દાદાસાહેબ જૈન દેરાસર ખાતે ઉજવાયેલ શાસન પ્રભાવક અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘના ઉપક્રમે શાસનસમ્રાટ સમુદાયના ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા., પૂ આ.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા. આદિ વિશાળ સાધુ-સાધ્વીજી મહારાજોની શુભ નિશ્રામાં સંવત ૨૦૫૩ના ચૈત્ર સુદ ૭ થી ચૈત્ર સુદ ૧૫ સુધી શ્રી કૃષ્ણનગર મધ્યે શ્રીમતી વિજયાલક્ષ્મીબેન રતિલાલ ગીરધરલાલ પરિવાર (જે. બી. ગ્રુપ) તરફથી સામુદાયિક શાશ્વતી ઓળીની અનુપમ આરાધના કરાવવામાં આવેલ. લગભગ ૧૧૦૦ આરાધકોએ ઓળીની આરાધના ભાવપૂર્વક કરેલ. દાદાસાહેબ જૈન દેરાસર ખાતે ગત તા ૨-૫-૯૭ થી તા. ૯-૫-૯૭ સુધી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવનું શાનદાર શાસન પ્રભાવક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનુલક્ષીને વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવેલ.

દાદાસાહેબ દેરાસરના વિશાળ પટાંગણમાં પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ.સા.ની શુભ પ્રેરણાથી બે નૂતન દેવકુલિકાઓ સંગેમરમરની બનાવવામાં આવેલ છે તૈયાર કરવામાં આવેલ આ સુરમ્ય દેવકુલિકાઓમાં પ્રભુજીની પ્રતિમાઓને બિરાજમાન કરાવવા માટે શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. તપાસંઘની આગ્રહભરી વિનંતીને માન આપી શાસનસમ્રાટ સમુદાયના ગછાધિપતિ પૂ આચાર્યદેવશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.સા., વિદ્વાન પૂ. આ. શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પ્રવચનકાર પૂ.આ.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા. પોતાના વિશાળ પરિવાર સહ અત્રે પધારતા તેઓશ્રીની શુભ નિશ્રામાં નવ દિવસનો અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

વિધિવિધાન અર્થે અમદાવાદના કુશળ ક્રિયાકારક શ્રી સંજયભાઇ પાઇપવાળા તથા સ્થાનિક શુદ્ધ ક્રિયાકારક ભરતભાઇ શેઠ અને જસુભાઇની મંડળી પધારેલ.

પ્રભુજીના પાંચ કલ્યાણકોની ભવ્ય ઉજવણી સંગીતકાર વિનોદભાઈ રાગી દ્વારા કરાવવામાં આવેલ.

આ મહોત્સવમાં બે વિશિષ્ટ અનુષ્ઠાનો – એક પરમાત્મા સમક્ષ સ્તુતિ વૈભવનો કાર્યક્રમ તથા બીજો નવકાર મહામંત્રનો સામુદાયિક સંગીતમય જાપ વિશેષ આકર્ષણરૂપ બની રહ્યો. આ કાર્યક્રમનું સંચાલન મુંબઇથી આ પ્રસંગે ખાસ પધારેલ ધર્મેન્દ્રભાઈ તથા અમદાવાદથી પધારેલ દીપકભાઈ (બારડોલીવાળા) એ સફળતાપૂર્વક કરેલ.

પ્રસંગોપાત સાધર્મિકભક્તિનું પણ આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગની સાથે ગામમાં આવેલ મોટા દેરાસરજીમાં નવનિર્મિત બે દેવકુલિકાઓમાં ત્રણ ગુરુમૂર્તિ તથા ત્રણ દેવીઓની મૂર્તિની પ્રતિષ્ઠા, વિદ્યાનગરમાં પણ નવનિર્મિત દેવકુલિકામાં તપાગચ્છ સંરક્ષક શ્રી માણિભદ્રવીરની મૂર્તિની પ્રતિષ્ઠા તથા ઉપાશ્રયનું ઉદ્દ્ઘાટન, રૂપાણીમાં નવનિર્મિત ઉપાશ્રયનું ઉદ્દ્ઘાટન પૂજ્ય

[ અનુંસંધાન પાના નંબર ૬૩ પર ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીયુત શાંતિલાલ જૈનનું દુઃખદ અવસાન

ભારતીય પ્રાચીન વિદ્યા સબંધી પુસ્તકોની આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રખ્યાત મે. મોતીલાલ બનારસીદાસ નામની દિલ્હી સ્થિત મુખ્ય કાર્યાલયવાળી પેઢીના અગ્રેસર તેમજ હરદ્વાર મુકામે આવેલ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થના સંરક્ષક તેમજ ભૂતપૂર્વ પ્રમુખ પદ્મશ્રી શાંતિલાલજી જૈન તા. ૧૩-૩-૯૭ના રોજ સ્વર્ગવાસી થયેલ છે.

શ્રી શાંતિલાલ જૈન સંઘ-સમાજના એક કર્મઠ નેતા, કર્મયોગી, દાનવીર, સ્વભાવે સરલ, હસમુખ, આકર્ષક સુંદર વ્યકિતત્વ તેમજ દૃઢ સંકલ્પવાળા વ્યક્તિ હતા. નિરાભી-માનીપણું તેમજ સરલતા તેમના જીવનમાં સાકાર થયેલ હતા. ઇર્ષા કે દ્વેષ ક્યારેય પણ તેમની પાસે ફરકી ન શકયા. પ્રભુ પાસે તેમની હંમેશા પ્રાર્થના રહેતી કે સહુનું ભલું થાઓ, દીન દુઃખીઓની સેવા માટે તેઓ હંમેશા તત્પર રહેતા. મહેમાનો, કલાકારો અને ખાસ કરીને વિદ્વાનોનો તેઓ ઘણો આદર કરતા હતા. વિતરાગ પ્રભુ મહાવીરસ્વામીના તેઓ અનન્ય ભક્ત હતા.

પદ્વી કે મોભાનો તેમને લગીરે મોહ ન હતો. તેમ છતાં તેઓ અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા અને નિઃસ્વાર્થ પણે માર્ગદર્શન આપતા રહ્યા. તેમના નિઃસ્વાર્થ સ્વભાવને કારણે તેઓ દરેક સંસ્થાના પૂજ્ય રહ્યા.

વલ્લભ સ્મારક તેમજ તેની બીજી સહયોગી સંસ્થાઓ સાથે તેઓ શરૂઆતથી જ જોડાયેલા રહ્યા, તેમજ તેના વિકાસમાં તેમનો સક્રિય ફાળો રહ્યો, તેમના પૂજ્ય પિતા તુલ્ય કાકા શ્રી સુંદરલાલજી તથા શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇના વિચારોને સાકાર કરવાના ઉદ્દેશથી તેમણે હરદ્વારમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તિર્થના નિર્માણ માટે ભગીરથ કાર્ય ઉપાડયું. આ પુણ્યશાળી કામમાં તેઓએ તન મન ધનથી સહકાર આપી સર્વપ્રથમ જમીન ખરીદી અને દેરાસર તથા ધર્મશાળાનું ખાતમૂહુર્ત કરાવ્યું. દેરાસરનું બાંધકામ અધુરું થઈ ગયું છે અને છ ભગવાનની પ્રતિષ્ઠા ઇ.સ. ૧૯૯૫ના ફેબ્રુઆરી મહિનામાં પૂ. આચાર્ય શ્રી પદ્મસાગરસૂરિજી મ.સા. ના શુભ હસ્તે કરવામાં આવી. દેરાસરનું બાંધકામ જૈન શિલ્પ સ્થાપત્ય મુજબ હજુ બે વર્ષ સુધી ચાલતું રહેશે. આ મહાન કાર્ય પાછળ પ્રેરણા તેમજ માર્ગદર્શન શ્રી શાંતિલાલજીનું રહ્યું.

જૈન સાહિત્યના પ્રકાશનમાં પણ તેમનો સવિશેષ ફાળો રહ્યો છે. પૂ. મુનિ શ્રી જંબુવિજયજી મહારાજ સાથેના વિશેષ સંપર્કને કારણે તેમની વિવિધ શોધખોળના પરીણામ સ્વરૂપ અનેકાનેક જૈન શાસ્ત્રો-સૂત્રોનું સદ્દૂગતે પ્રકાશન કરેલું છે.

ભારતીય સંસ્કૃતિ તેમજ આધ્યાત્મિક સાહિત્યના પ્રકાશકના રૂપમાં મે. મોતીલાલ બનારસીદાસની પેઢી માત્ર ભારતમાં જ નહીં, બલ્કે દુનિયાના ખૂણે ખૂણે પ્રસિદ્ધ છે. આ પેઢી મારફત તેમણે પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તથા સાહિત્યની અણમોલ સેવા કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્‌ગત તરફથી થયેલા ૨૦૦૦ ઉપરાંતના પ્રકાશનોમાં વિશેષ ઉલ્લેખનીય છે 'એન્સાઇક્લો. પીડીયા ઓફ ઇન્ડીયન ફીલોસોફી' (૧૫ ભાગ). 'એન્શીયન્ટ ઇંડિયન ટ્રેડીસન એન્ડ માઇથોલોજી' (પુરાણોનો અનુવાદ) (૧૦૦ ભાગ) તથા 'ધી સેક્રેડ બુકસ ઓફ ઇસ્ટ' (૫૦ ભાગ).

થોડા વર્ષો પહેલા તેમણે 'રામ ચરિત માનસ'ની આંતરરાષ્ટ્રીય આવૃત્તિનું પ્રકાશન કરીને પુરા વિશ્વમાં તેનો પ્રચાર કર્યો છે.

વિશ્વના અનેક પ્રકાશકો સાથે સબંધ જોડીને તેમણે પોતાના ગ્રંથોનું તેમની મારફત તથા તેમના ગ્રંથોનું પોતા તરફથી પ્રકાશન કરી-કરાવી ભારતીય તત્ત્વજ્ઞાન તથા સંસ્કૃતિનો બહોળો પ્રચાર કર્યો છે. જ્ઞાનના ક્ષેત્રમાં તેમના વિશેષ ફાળાના કારણે ઈ. સ. ૧૯૯૨માં તેમને ભારત સરકારે પદ્મશ્રીની પદવી આપી છે. તે ઉપરાંત અનેકાનેક સંસ્થાઓએ વિવિધ ઉપાધીથી તેમનું બહુમાન કરેલ છે.

[ અનસંધાન પાના નંબર ૬૦ નું ચાલુ ]

ગુરુભગવંતોની શુભ નિશ્રામાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઇ તથા શહેરના અગ્રગણ્ય આગેવાનોની હાજરીમાં કરવામાં આવેલ. સ્થાનિક ભાવનગરના બારદાનના અગ્રગણ્ય વેપારી શ્રી નવીનચંદ્રભાઈ જમનાદાસ બારદાનવાળાએ પોતાના શત્રુંજય દર્શન બિલ્ડીંગમાં ત્રીજે માળે નિર્માણ કરાવેલ દેરાસરજીમાં પ્રભુજીની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવેલ. આ નિમિત્તે તેઓશ્રીએ સકલ સંઘનું સ્વામિવાત્સલ્ય રાખવા ઉપરાંત સકલ સંઘનું રૂા. એક એકથી સંઘ પૂજન કરેલ. શ્રી ખાંતિલાલ ફતેહચંદ શાહ તથા વનમાળીદાસ હઠીચંદ શાહ તરફથી પણ સકલ શ્રીસંઘનું સ્વામીવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

ભાવનગર જૈન તપાગચ્છ સંઘના હોદ્દેદારો પ્રમુખશ્રી મનમોહનભાઈ તંબોળી, શ્રી સૂર્યકાંતભાઈ ચાવાળા શ્રી ખાંતિભાઈ શાહ, શ્રી કિરીટભાઇ શાહ, શ્રી દીનુભાઇ શાહ તથા સંઘના કાર્યકરો ઉપરાંત સુખી ભાવિક આત્માઓએ આ પ્રસંગે તન-મન-ધનથી પોતાની અમૂલ્ય સેવાઓ અપી શાસનની પ્રભાવના વધારી છે.

સ્થાનિક પ્રાર્થના મંડળ તથા શ્રેયસ મંડળે પણ સક્રિય જહેમત ઉઠાવી આ પ્રસંગને અનેરો ઓપ આપ્યો હતો.

આ પ્રસંગે શહેરની અન્ય સંસ્થાઓ જેવી કે અનાથાશ્રમ, બહેરા-મુંગા શાળા, અંધશાળા તથા જીવદયા અંગેની માનવતાની જોરદાર પ્રવૃત્તિઓ આદરી માનવતાનું ઉદાહરણ પુરું પાડ્યું હતું.

આમ તા. ૨ થી ૯ મે દરમ્યાન ભાવનગર શ્રીસંઘમાં ભક્તિભાવ અને શાસનપ્રભાવક વાતાવરણ ખડું થયું હતું.

For Private And Personal Use Only

# જાગતાં રે'જો ?

—: લેખક :—

પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજયમહિમાપ્રભસૂરીશ્વરજી મ. સા.

[ ગતાંકથી ચાલુ ]

## કરમને શરમ નહિ

આંખમાં તેજ નહિ હોય તો ચલાવી લેવાશે; પરંતુ અંતરનો અંધાપો હશે તો ભયંકરતા સર્જાશે. આંખે અંધ હશે તો શરીરે ઇજા થશે; પણ જો દીલમાં અંધારૂં હશે તો આત્માને કષ્ટ થશે. આંખે અંધ માનવ ખાડાટેકરા સાથે અથડાય છે, પણ અંતરનો અંધ આત્મા કામ અને મોહના ડુંગરો સાથે ભટકાય છે. અવિવેકી આત્મા આ કાર્યને ઓળખી શકે નહિ, જ્યારે વિવેકી આત્મા આ કાર્યથી દૂર રહે છે.

ઝાકળના બિંદુમાં રૂપ તો કશુંય નથી, પણ વૃક્ષના પત્ર પર પડતા મોતી સમું ચમકે છે. પણ સ્હેજ પવનના કારણે પાંદડું હલતાં બિંદુ ખરી પડે છે અને ધૂળમાં મળી જાય છે. જીવનનું પણ આવું જ છે. આજનું કુટકડું રૂપ કાળનો ઝપાટો લાગતાં નષ્ટ થઈ જશે. આંખ સામે દેખાતાં પદાર્થો એક સમય ચાલ્યા જશે. અથવા આપણે ઉડી જઈશું, તો આવા ક્ષણપ્રાયઃ પદાર્થ પાછળ આવા અનાચારો શા માટે ?

જબ તક તેરે પુણ્યકા, આયા નહિ કરાર;
તબ તક તેરા માફ હે, ગુના કરો હજાર.

સૂર્યના તેજમાં અંધારું ન દેખાય, પણ સૂર્ય જતાં અંધકાર પ્રસરી જાય છે. તેમ પુણ્યનો સિતારો ચમકતો હશે, તો આચરેલા અંધારા-અનાચારો ઢંકાઇ જશે; જ્યાં પુણ્ય પરવારી ગયું કે જીવન ક્યાંય અંધારા ખુણામાં ફેંકાઇ જશે અને હતા ન હતા બની જવાશે.

કોઈ પણ કાર્યને અશક્ય નહિ માનનાર અતુલ પરાક્રમી નેપોલીયનને પણ અંતે કબૂલવું પડયું હતું કે :- "Dust thou art to dust retunest was not spoken of soul but of the body" ધૂળમાંથી જન્મ્યા અને ધૂળમાં ચાલ્યા ગયા; પણ આ વાત આત્મા માટે નથી; પરંતુ દેહ માટે છે. અર્થાત્ આત્મા અજર અમર છે, પણ દેહ વિનાશી છે. આ દેહ પાછળ જીવનને ધૂળ જેવું બનાવી દીધું.

પ્યારા મિત્રો ! આથી વિચારો ! કે શું આપણે જીવન ધૂળ જેવું બનાવવા આવ્યા છીએ ? ધૂળ જેવું ન બને, તે માટે અકાર્યથી સદાય દૂર રહો. આપણું જીવન અનાચારના આ કાર્યથી ધૂળ જેવું ન બની જાય. તે માટે સતત જાગતાં રહેવું જોઇએ. આવી જાગૃત દશા કેળવતા પ્રભુ મહાવીર દેવે શ્રી ગૌતમને ફરમાવ્યું હતું કે, :-

कुसग्गे जह ओसबिंदुए थेवं चिट्ठइ ।
एवं मनुयाणं जीवियं, समयं गोयम ?
मा पमायए ॥ १ ॥

ડાભના પત્રના અગ્રભાગ પર રહેલ ઝાકળનું બિંદુ જેમ અલ્પ સમયમાં નાશ પામે છે, તેમ માનવનું જીવન અલ્પસ્થાયી છે. માટે હે ! ગૌતમ ! એક સમય માત્ર પણ ન પ્રમાદ કર ! પ્રમાદ એ બુરી ચીજ છે. તેનાથી ચેતવા શ્રી ગૌતમસ્વામી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેવા મહા વ્યકિતને પણ સતત ચેતવણી આપે છે તો પછી આપણા જેવા સામાન્ય માનવે પ્રમાદથી બચવા કેટલા જાગૃત રહેવું જોઈએ!

પ્રમાદવશ માનવ ઇષ્ટ વસ્તુનો વિવેક ભૂલી જાય છે. દેહના ધર્મો કે દેહની માંગ સાધુ કે સંસારી બંનેને પોષવી પડે છે; પરંતુ તેના પર યોગ્ય વિચાર પૂર્વક નિયમો બાંધવા કે મર્યાદા મુકવી તેનું નામ વિવેક. નિયમો કે મર્યાદા વિનાનું જીવન જીવવું તેનું નામ અવિવેક. વિવેક ન હોય તો પળે પળે પાપ બંધાય છે. નિયમ કે મર્યાદા પૂર્વક વર્તે તો અલ્પ પાપકર્મ બંધાય છે. વસ્તુમાં અશકિતનું જોર વધી જતાં વિવેક વિસરી જવાય છે તથા ચીકણાં કર્મ બંધાય છે.

ખંધક મુનિવરની રાજાએ ચામડી ઉતરાવી હતી. એ ચામડી કેમ ઉતારી? તેમને પૂર્વભવના કોઠીંબડાના ફળો રસપૂર્વક અને આસક્તિ ભાવથી ખાધાં હતા. તેથી આત્માને ગાઢ પાપથી સિંચ્યો હતો. જેને લઈને દેહની ચામડી ઉતારવાની ગાઢ વેદના ભોગવવી પડી.

પ્રભુ મહાવીર દેવના કાને ખીલા ઠોકાણાં, કારણુ શ્રવણુ રસમાં આસક્ત બની વિવેક ગુમાવી બેઠા. આમ પ્રમાદને વશ થઇ અવિવેકી દશામાં ભાનભુલી પૂર્વના ત્રિપૃષ્ઠના ભવમા શય્યાપાલકના કાનમાં સીસાનો રસ રેડયો હતો. કરમ કોઇની શરમ નથી રાખતો.

## આપણી નરવશતા :

વિજળી ઘરમાં કંઈ પણ નુકશાન થયું હોય, તો સરખું કરનાર પુરૂષ ખૂબ સાવચેત રહે છે. જરા પણ પ્રમાદ-બેદરકાર રહે તો કરન્ટ લાગતા ઢળી પડે છે. તેમ આપણું જીવન યંત્રવત્ છે. પ્રમાદમાં કે આસક્તિમાં પડયા તો ઢળ્યા જ સમજજો. યંત્ર ચલાવતાં સાવચેત રહેવું પડે છે, તેમ આપણી પ્રવૃત્તિમાં નિયમો અને મર્યાદાઓ બતાવી છે.


"जयं चरे जयं चिट्ठे" જયણા-ઉપયોગ પૂર્વક ચાલો? ઉપયોગ પૂર્વક બેસો? આ રીતે ખાવામાં-પીવામાં બોલવામાં કે ઉઠવામાં મર્યાદાઓ મુકી છે. સુવામાં પણ "कुक्कुडीपायपसारवे" કુકડીની જેમ પગ સંકોચીને સુવો! અર્થાત્ ઉંઘમાં પણ બેદરકાર ન રહો? પ્રમાદમાં પડવાથી કર્મ બંધાય અને કર્મયોગે કષ્ટ વેઠવા પડે છે.

એક જાગીરદાર હતો. એને પલંગ પર પુષ્પ પાથરીને સુવાનો શોખ. આ પલંગ તૈયાર કરવાનું કામ તેની એક દાસી કરતી. એક વખત આવા પલંગ પર સુવા દાસીનું દીલ લલચાયું. બે ઘડી માટે પલંગમાં પડી. પડતાં જ થાકને કારણે ઘસઘસાટ ઉંઘી ગઇ. એવામા જાગીરદાર આવ્યો. પલંગમાં દાસીને દેખતા આવેશમાં આવી ગયો આવેશમાં દાસીને ચાબૂક લગાવ્યો. દાસી ચમકીને જાગી. જાગીરદારની ક્ષમા માગી, પરંતુ જાગીરદાર તો ચાબૂક લગાવે જ જતો હતો. એવામાં દાસી હસવા લાગી. જાગીરદારે આશ્ચર્યથી પૂછ્યું, માર પડતાં કેમ હશે છે? દાસીએ કહ્યું. માલીક! બે ઘડી આ પલંગમાં આળોટતા મારી આ દશા થઇ, તો આખી જિંદગી આ પલંગમાં સુનારની શી વલે થસે? મારું તો આપના દશ પંદર ચાબૂકથી પતી ગયું: પરંતુ કર્મરાજા આપને કેટલા ચાબૂક લગાવશે! આ વિચારમાં મને હસવું આવ્યું.

જાગીરદાર સમજું હતો. મનમાં વિચારે છે, કે મને સુખની કેવી આસક્તિ છે! પ્રમાદ દશામાં પુષ્પોનો કેવો કચ્ચરઘાણ વાળું છું! આનું પરિણામ ભાવિમાં કેવું સતાવશે! ખરેખર! દાસી! તે મને સત્માર્ગ બતાવ્યો. આજથી આ પલંગ ન જોઇએ. જાગીરદાર ભૂમિ પર સુવા લાગ્યો અને પ્રતિદિન આસક્તિભાવ ઘટાડવા લાગ્યો.

(ક્રમશઃ)

For Private And Personal Use Only



## સત્વની કસોટી

लोभक-क्षोभकाणां चेत् सयोगः स्यादुपस्थितः ।
तदा धैर्येण रक्षेन् स्वं सत्त्वस्येदं परीक्षगम् ॥

卐

* લોભક કે ક્ષોભક વિષયોનો સંયોગ ઉપસ્થિત થાય ત્યારે અડગ ધૈર્યથી પોતાનું રક્ષણ કરવું. સત્વની કસોટી એવા જ વખતે થાય છે.

卐

* When an occasion tempting or ruffing. happens to come, a person should protect himself with courage. This is the test of his manliness.

પ્રતિ,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.